# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી-પોરબંદર

જિલ્લા સેવા સદન-૧, પ્રથમ માળ, રૂમ નં.૧૧૨, એરપોર્ટ સામે, પોરબંદર.

ફોન નં.૦૨૮૬૨૨૨૦૮૦૦ ફેક્સ નં.૨૨૨૦૮૦૧,

Email: collectorpbradm1@gmail.com, Web Site:-https://collectorporbandar.gujarat.gov.in


## - પ્રેસનોટઃ- (તા.૨૦/૦૭/૨૦૨૦) -

નોવેલ કોરોના વાઈરસ(covid-19)ના કારણે પોરબંદર જિલ્લામાં ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાઈરસ (covid-19) ના ઝડપી સંક્રમણને અટકાવવા તકેદારીના ભાગરૂપે નીચે મુજબ કામગીરી કરવામાં આવે છે.

- જિલ્લામાં અત્યાર સુધીમાં લેવાયેલ સેમ્પલ પૈકી **કુલ ૫૫** સેમ્પલો પોઝીટીવ આવેલ છે. જેમાં પોરબંદર જિલ્લાના કુલ **૩૦ પોઝીટીવ** કેસ નોંધાયેલ છે. હાલમાં **કુલ ૧૧ એક્ટીવ** કેસ છે.
- તા. ૨૦/૦૭/૨૦૨૦ના **કુલ ૧૦૧** સેમ્પલ લેવામાં આવેલ છે. અત્યાર સુધીમાં લેવામાં આવેલ **કુલ-૪૩૬૪** સેમ્પલ પૈકી **કુલ-૪૨૬૫ સેમ્પલ નેગેટીવ** આવેલ છે.
- હાલમાં સીવીલ હોસ્પિટલ પોરબંદર ખાતે આઈસોલેશન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ છે. **આઈસોલેશન વોર્ડ** ખાતે કુલ-**૭૧ વ્યક્તિ** રાખવામાં આવેલ જે પૈકી **૫૭ વ્યક્તિઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૧૦ વ્યક્તિઓ સારવાર હેઠળ** છે.
- જિલ્લામાં વી.આર. ગોઢાણીયા ગર્લ્સ હોસ્ટેલ, જિલા ખેડૂત તાલીમ ભવન(એ.ટી.એમ.એ.), મહાત્મા ગાંધી કુમાર છાત્રાલય અને વનાણા એ.એન.એમ. ટ્રેનિંગ સ્કૂલ ખાતે જિલ્લા ક્વોરેન્ટાઇન સેન્ટર તરીકે કાર્યરત છે. જેમાં **કુલ ૩૨૭** બેડ કેપેસિટી છે.
- અત્યાર સુધીમાં **જિલ્લા ક્વોરેન્ટાઈન સેન્ટર** ખાતે તથા **પ્રાઈવેટ હોટલોને** મળી કુલ-**૫૭૬૦** વ્યક્તિઓને **જિલ્લા ક્વોરેન્ટાઈન સેન્ટરમાં** રાખવામાં આવેલ જે પૈકી **૫૬૮૫ વ્યક્તિઓને ડિસ્ચાર્જ** કરેલ છે અને હાલ **૭૫ વ્યક્તિઓ નિરીક્ષણ હેઠળ** છે.
- જિલ્લામાં આદર્શ નિવાસી કન્યા છાત્રાલય અને કસ્તુરબા કન્યા છાત્રાલયને કોવીડ કેર સેન્ટર તરીકે જાહેર કરવામાં આવે છે. જેમાં કુલ ૧૧૬ બેડ કેપેસિટી છે. કોવીડ કેર સેન્ટર ખાતે **કુલ-૪૦ વ્યક્તિ** નિરીક્ષણ/સારવાર હેઠળ છે.
- હાલમાં **પોઝિટીવ કેસના રહેણાંક નજીકના ૨૨૫ રહેણાંકના ૬૯૩ વ્યક્તિઓ કન્ટેન્મેન્ટ ઝોનમાં ચકાસણી હેઠળ** છે.
- અત્યાર સુધીમાં હોમ ક્વોરન્ટાઈનમાં **કુલ-૧૫૧૭૫** વ્યક્તિઓ ચકાસણી હેઠળ રાખવામાં આવેલ હતા જે પૈકી **૧૨૯૬૯** વ્યક્તિઓનું હોમ ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- વ્યક્તિઓની તબીબી ચકાસણી માટે ડોર ટૂ ડોર સર્વે કરવાનો બે રાઉન્ડ પુર્ણ થયેલ છે. જ્યારે **ત્રીજા રાઉન્ડમાં** તા.૦૮/૦૫/૨૦૨૦ થી આજ દિન સુધી **૧,૦૦,૫૦૭ વ્યક્તિઓનો સર્વે કરવામાં** આવેલ છે.
- અત્યાર સુધીમાં જિલ્લામાં આવેલ જુદા-જુદા એન્ટ્રી પોઈન્ટ ઉપરથી સહિત કુલ **૨,૩૭,૯૮૧** વ્યક્તિઓની સ્ક્રીનીંગ ચકાસણી કરવામાં આવેલ છે.

- અત્યાર સુધીમાં **બોટ** કવોરન્ટાઇનમાં કુલ **૩૨૬ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ જે પૈકી **૩૨૬** વ્યક્તિઓનું **બોટ** ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- અત્યાર સુધીમાં **સેલ્ફ** કવોરન્ટાઇનમાં કુલ **૩૫૫ વ્યક્તિ** ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે. જે પૈકી **૩૪૬** વ્યક્તિઓનું **સેલ્ફ** ક્વોરન્ટાઈન પૂર્ણ થઈ ગયેલ છે.
- પોરબંદર જિલ્લાના જે વિસ્તારમાં કોરાના વાયરસ પોઝીટીવ આવેલ છે, તેવા કુલ વિસ્તાર (૧) પોરબંદર-૧૧ (૨) રાણાવાવ- ૨ (૩) કુતિયાણા-૧ માં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના જાહેરનામાથી **કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તાર** જાહેર કરવામાં આવેલ છે.
- તા.૧૮/૦૭/૨૦૨૦ના રોજ જે વિસ્તારમાં કોરાના વાયરસ પોઝીટીવ આવેલ છે, તે પોરબંદર શહેરમાં શીતલા ચોક વિસ્તાના એસ.વી.પી. રોડ પર, નગીના મસ્જિદ સામે પૂર્વમાં "સલિમ ઈસ્માઈલ શિવાણી" ના ઘરથી પશ્ચિમે "અશોક ટ્રેડર્સ" ની દુકાન સુધી તથા સામે "ડો. યાસ્મિન આશ્રીકાવાલા" ના દવાખાનાથી પૂર્વે "મિલન સોપારીવાલા" ના ગોડાઉન સુધીનો વિસ્તાર, પોરબંદર શહેરમાં જીનપ્રેસ વિસ્તારના હરિઓમ ટ્રેડર્સની સામેની ગલીમાં પશ્ચિમે "ખીમજી લાખા સોલંકી" ના ઘરથી પૂર્વમાં "પ્રભાબેન મણીલાલ સોલંકી" ના ઘર સુધી તથા ઉત્તરમાં "લક્ષ્મણ કાનજી સોલંકી" ના ઘરથી પશ્ચિમે "ખીમજી લાખા સોલંકી" ના ઘર સુધીનો સંપૂર્ણ બંધ ડેલાનો વિસ્તાર, પોરબંદર શહેરમાં શીતલાચોક વિસ્તારના ભાવના ડેરીની પાછળની શેરી ખાતે ઉત્તરે " મુનાફભાઈ મામદભાઈ રાયજાદા" ના ઘરથી દક્ષિણે "વિજય પરસોતમ ચોહાણ" ના ઘર સુધી તથા પૂર્વમાં લીબર્ટી રોડ પર "ઉસ્માનીયા શિલ્ક સ્ટોર" તથા "તુલસીદાસ ઓધવજી ઝાલા" ની દુકાનથી પશ્ચિમે "મનુભાઈ રાસનવાળા" ના ઘરથી ઉત્તરે "હનીફ મુસા છાયા" ના ગોડાઉન સુધીની એસ.વી.પી. રોડ સુધીની ગલીને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના જાહેરનામાથી **કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તાર** જાહેર કરવામાં આવેલ છે.
- જાહેર જગ્યાએ માસ્ક ન પહેરવા બદલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદરના હુકમનો ભંગ કરવા સબબ Indian Penal Codeની કલમ ૧૮૮ તળે તથા Epidemic Diseases Act, 1897ને આધિન **અત્યાર સુધીમાં કુલ- ૧૫,૭૪,૦૦૦ /-રૂપિયાનો દંડ વસૂલ કરવામાં** આવેલ છે.
- તા.૧૯/૦૭/૨૦૨૦ના રોજ દિવસ દરમ્યાન **પોલીસ વિભાગ** દ્વારા જાહેરમાં માસ્ક ન પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ **કુલ-૩૭૩** વ્યક્તિઓ પાસેથી **કુલ-૭૪,૬૦૦/- રૂપિયાનો** અને **નગરપાલિકા** દ્વારા જાહેરમાં માસ્ક ન પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ **કુલ-૧૦** વ્યક્તિઓ પાસેથી **કુલ-૨૦૦૦/- રૂપિયાનો** દંડ વસુલ કરવામાં આવેલ છે.

**નિવાસી અધિક કલેક્ટર**
**જિલ્લો પોરબંદર**

**પ્રતિ,**
સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, જિલ્લા સેવા સદન-૨, પોરબંદર.